©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 16th OCTOBER, 2025/ASHVINA 24, 1947 [Issue No. 42

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	953-962	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	4251-4344
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/ટાપુ/જાહેરનામું/૦૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા. ૧૦-૦૯-૨૦૨૫ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના તા. ૦૬-૦૯-૨૦૨૫ વાળા પત્રથી કચ્છ જિલ્લામાં માનવ વસાહત રહીત આવેલ કુલ-૨૧ નિર્જન ટાપુઓ પર રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશવિરોધી પ્રવૃત્તિને રોકવા આ ટાપુઓ પર પ્રવેશ પર પ્રતિબંધ મુકવા બાબતે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી, હું, આનંદ પટેલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના કુલ-૨૧(એકવીસ) ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: અપવાદ :

ઉપરોકત જાહેરનામામાંથી નીચેનાઓને મુકિત આપવામાં આવશે.

(૧) રાજ્ય/કેન્દ્ર સરકારની સુરક્ષા એજન્સીઓ

(૨) સરકારી કામે રોકાયેલ રાજ્ય/કેન્દ્ર સરકારના કર્મચારી/અધિકારીશ્રીઓ

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આ જાહેરનામું તા. ૨૩-૦૯-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામામાંથી મુકિત આપવા માટે અધિકારો સંબંધિત પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ/પુર્વ કચ્છ-ગાંધીધામ તથા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓને રહેશે.

આજરોજ તા. ૨૨-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : મેજી/પોલ-૧/ટાપુ/જાહેરનામું/૦૯/૨૦૨૫ અન્વયેનું પરિશિષ્ટ

પશ્ચિમ કચ્છ, ભુજ પોલીસ હદ વિસ્તારમાં આવેલ ટાપુઓ

અ. નં.	ટાપુનું નામ	ટાપુનો અંદાજીત વિસ્તાર/ક્ષેત્રફળ	અક્ષાંશ રેખાંશ	નજીકના જમીની વિસ્તારથી અંતર	માનવ વસવાટ છે કે કેમ?	નજીકના પોલીસ સ્ટેશનનું નામ
૧	શેખરણ પીર	અનસર્વેડ	23.2015.04 68.3031.26	સાંઘી જેટીથી ૧૨ કી.મી.	ના	જખૌ મરીન
૨	ઓગતરા	અનસર્વેડ	23.1744.54 68.3329.79	સાંઘી જેટીથી ૧૭ કી.મી.	ના	જખૌ મરીન
૩	લુણાબેટ	અનસર્વેડ	23.1515 68.3410	જખૌ સોલ્ટથી ૧૦ કી.મી.	ના	જખૌ મરીન
૪	ખદરાઈ પીર ટાપુ	અનસર્વેડ	23.13187 68.3557.2	જખૌ સોલ્ટથી ૧૨ કી.મી.	ના	જખૌ મરીન

અ. નં.	ટાપુનું નામ	ટાપુનો અંદાજીત વિસ્તાર/ક્ષેત્રફળ	અક્ષાંશ રેખાંશ	નજીકના જમીની વિસ્તારથી અંતર	માનવ વસવાટ છે કે કેમ?	નજીકના પોલીસ સ્ટેશનનું નામ
૫	સૈયદ સુલેમાન પીર ટાપુ	અનસર્વેડ	23.149101 68.6626.74	સીંધોડીથી ૧૦ કી.મી.	ના	જખૌ મરીન
૬	ચભડીયો ટાપુ	અનસર્વેડ	23.1324.99 68.3519.41	મોહાડીથી ૩ કી.મી.	ના	જખૌ મરીન
૭	લુણ ટાપુ	અનસર્વેડ	23.1830 68.3639	સાંઘી જેટીથી ૧૦ કી.મી.	ના	જખૌ મરીન
૮	ગોધરાઈ ટાપુ	અનસર્વેડ	23.1710 68.3812	જખૌ સોલ્ટથી ૧૧ કી.મી.	ના	જખૌ મરીન
૯	મોટાપીર	અનસર્વેડ	23.2358.85 68.3114.58	સાંઘી જેટીથી ૦૫ કી.મી.	ના	વાયોર
૧૦	હેમતલ (હંઈતલ)	અનસર્વેડ	23.2219.12 68.3341.76	સાંઘી જેટીથી ૦૪ કી.મી.	ના	વાયોર
૧૧	હાજી ઈબ્રાહિમ	અનસર્વેડ	23.2449.00 68.2832.00	સાંઘી જેટીથી ૧૫ કી.મી.	ના	નારાયણ સરોવર
૧૨	ખાનાણ બેટ	અનસર્વેડ	23.439887 68.58707	જખૌ સોલ્ટથી ૦૭ કી.મી.	ના	નારાયણ સરોવર
૧૩	ગોપી બેટ	અનસર્વેડ	23.2744 68.2519	લકી થી ૧૧ કી.મી.	ના	નારાયણ સરોવર
૧૪	સતોરી બેટ	અનસર્વેડ	23.3341.88 68.2645.98	લકી થી ૧૩ કી.મી.	ના	નારાયણ સરોવર
૧૫	ભકલ બેટ	અનસર્વેડ	23.3535.03 68.2632.04	લકી થી ૧૧ કી.મી.	ના	નારાયણ સરોવર
૧૬	સાવલાપીર	અનસર્વેડ	23.46.912 68.23.79	લકી થી ૨૭ કી.મી.	બી.એસ.એફ.ચોકી ચાલુ સીઝનમાં રહે છે.	નારાયણ સરોવર
૧૭	સુગર બેટ	અનસર્વેડ	23.26.54 68.29.42	લકી થી ૧૨ કી.મી.	ના	નારાયણ સરોવર
૧૮	પીર સનાઈ	અનસર્વેડ	23.4916.09 68.1627.26	કોટેશ્વરથી ૩૨ કી.મી.	બી.એસ.એફ.ચોકી ચાલુ સીઝનમાં રહે છે.	નારાયણ સરોવર
૧૯	બોયા બેટ	અનસર્વેડ	23.2249.4 68.2724.3	સાંઘી જેટીથી ૧૫ કી.મી.	ના	નારાયણ સરોવર
૨૦	સેથવારા બેટ	અનસર્વેડ	23.2722.19 68.2445.38	લકી થી ૧૦ કી.મી.	ના	નારાયણ સરોવર
પૂર્વ કચ્છ, ગાંધીધામ પોલીસ હદ વિસ્તારમાં આવેલ ટાપુ						
૨૧	સત સૈડા ટાપુ	અનસર્વેડ	23.0135 70.1837	--	ના	કંડલા મરીન

કચ્છ-ભુજ, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એલઆઈબી/BNSS-163/જાહેરનામું/૨૬૦૨/૨૦૨૫, તા. ૧૦-૦૯-૨૦૨૫.

જાહેરનામુ

નં. નાચિ/પલસ/વશી/૭૯૧/૨૦૨૫.-વંચાણે લીધાક્ર-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૦-૦૯-૨૦૨૫નાં પત્ર નં. એલઆઈબી/BNSS-163/જાહેરનામું/૨૬૦૨/૨૦૨૫ થી શ્રી નરેશભાઈ ભીખાભાઈ વાળા રહે. જન પ્લોટ, પશુ દવાખાના સામે, ચિતલ તા. જિ. અમરેલીનાઓ એસ.ટી. વિભાગના અનુ.જાતિ સમાજના ત્રણ એસ.ટી. વિભાગના કર્મચારી (૧) અનિલભાઈ ભીખાભાઈ એસ.ટી. ડ્રાઈવર (૨) પરેશભાઈ મનુભાઈ ચૌહાણ એસ.ટી. ડ્રાઈવર (૩) મનિષભાઈ કાંતિભાઈ વાળા એસ.ટી. ડ્રાઈવરનાઓ એસ.ટી. વિભાગના અધિકારીઓએ કોઈ યોગ્ય કારણ વિના બીજા જિલ્લામાં બદલી કરેલ હોય અને અવાર-નવાર તેમને માનસિક ત્રાસ આપતા હોય તેવા આક્ષેપ કરી ફિનાઈલ પીધેલ હતી જેઓ ત્રણેય કર્મચારીઓને તેમજ (૪) નરેશભાઈ ભીખાભાઈ વાળા (૫) રાજેશભાઈ સોલંકીનાઓ અન્ન જળનો ત્યાગ કરી કોઈપણ પ્રકારની મંજુરી લીધા વગર કલેકટરશ્રીની કચેરી ખાતે બેસેલ હોય તેમજ રાજુલા ખાતે ગત તા. ૩૧-૦૮-૨૦૨૫ના રોજથી શ્રી રાજુભાઈ બારૈયા(અગ્રણી વાલ્મિકી સમાજ સફાઈ કામદાર)ની આગેવાનીમાં રાજુલા નગરપાલિકા કચેરી ખાતે રાજુલા નગરપાલિકામાં કોન્ટ્રાકટ બેઝ પર કામ કરતા ૬૦ થી ૭૦ જેટલા કામદારો તેમના પડતર પ્રશ્ન કામથી અળગા રહી સફાઈની કામગીરી બંધ રાખી હડતાલ ઉપર ઉતરેલ છે. તેમજ જ્યાં સુધી રાજુલા નગરપાલિકાના કોન્ટ્રાકટ બેઝ ઉપર રહેલ સફાઈ કામદારોની માંગ સ્વિકારવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ દ્વારા હડતાલ અને રાત્રે પણ રાજુલા નગરપાલિકા ખાતે ધરણા પ્રદર્શન ચાલુ રાખવામાં આવેલ છે. તેમજ બગસરા પો.સ્ટે. વિસ્તારમાં ગુ.ર.નં. ૨૩૯/૨૦૨૫ BNS કલમ ૧૩૨, ૨૬૭, ૧૨૧ વિ. મુજબનો ગુનો બગસરા પો.સ્ટે. ખાતે દાખલ થયેલ હોય જેના ફરીયાદી કાર્યપાલક ઈજનેરશ્રી હોય જેઓ પોતાની સરકારી નોકરીના કામ સબબ કાર્યવાહીમાં હોય તે દરમ્યાન તેઓની ઉપર કુલ-૦૪ ઈસમોએ હુમલો કરી ફરજ રોકવા બાબતનો ગુનો દાખલ કરેલ છે. જેથી, ઉપરોકત બાબતે જિલ્લામાં વિવિધ સંગઠનો દ્વારા ઉપરોકત બનાવો અંગે રેલી/આવેદનપત્ર/ધરણા અંગેના કાર્યક્રમો યોજવામાં આવતા હોય જે કાર્યક્રમો દરમ્યાન રાજયમાં તેમજ અમરેલી જિલ્લામાં ગંભીર પ્રકારના રાયોટીંગના બનાવો તેમજ સરકારી માલ મિલ્કતોને ખુબ જ મોટા પ્રમાણમાં નુકશાનના બનાવો બનવાની સંભાવના નકારી શકાય તેમ ન હોય જેથી આ ગંભીર બનાવો ન બને તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ યોગ્ય સત્તાની પરવાનગી વિના કોઈપણ પ્રકારના આંદોલન સારૂ ભેવા થવા પર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું તા. ૧૦-૦૯-૨૦૨૫ થી દિન-૧૫ માટે પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્તની વિગતે અમરેલી જિલ્લામાં પ્રતિક ઉપવાસ/ધરણા/આવેદનપત્રો/રેલી/સભા સરઘસ કરવા અંગેનાં આશ્ચર્યજનક કાર્યક્રમો કરવામાં આવનાર હોય તેમજ સમગ્ર અમરેલી જિલ્લામાં ગંભીર પ્રકારનાં રાયોટીંગનાં બનાવો તથા સરકારી માલ મિલકતોને મોટા પ્રમાણમાં નુકશાનીના બનાવો બનવાની સંભાવના નકારી ન શકાય તેમ હોય જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અન્ય વ્યવસ્થા જળવાઈ રહે અને નાગરીકોને કોઈ અગવડતા ન પડે અને લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતુ જોખમ અટકાવવાના હેતુ થી ભારતીય નાગરીક સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ હું દિલિપસિંહ ગોહિલ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ તા. ૧૦-૦૯-૨૦૨૫ થી તા. ૨૪-૦૯-૨૦૨૫ (બંને દિવસો સહીત) દિન-૧૫ સુધી અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ૦૪(ચાર) કે તેથી વધુ વ્યકિતઓને પ્રતિક ઉપવાસ/ધરણા/આવેદનપત્રો/રેલી/સભા/સરઘસ કાઢવા બાબતેના કાર્યક્રમો યોજવા માટે એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ પ્રતિક ઉપવાસ/ધરણા/આવેદનપત્રો/રેલી/સભા/સરઘસ કાઢવાના કાર્યક્રમો સક્ષમ અધિકારીશ્રીની જરૂરી પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ યોજવાના રહેશે. તેમજ નીચે મુજબનાં કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવું છું.

પ્રતિબંધ :

A. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સૂત્રો પોકારવા નહી.

B. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિ.

C. કોઈ પણ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ અથવા માનવ શરીરને નુકશાન થાય તેવા ઝેરી પદાર્થ સાથે રાખવા નહિ.

અપવાદ :

A. લગ્ન પ્રસંગ, કોઈ ધાર્મિક વિધિ, સ્મશાનયાત્રા કે સરકારી કાર્યક્રમ જેવા પ્રસંગોને લાગુ પડશે નહી.

B. સરકારી ફરજ પરનાં ભાગરૂપે એકઠા થતા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ/કરાર આધારીત કર્મચારીઓને લાગુ પડશે નહીં.

C. શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહી.

અમલવારીનો સમયગાળો:

આ હુકમ તા. ૧૦-૦૯-૨૦૨૫ થી તા. ૨૪-૦૯-૨૦૨૫(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરનાં કોઈ પણ પોલીસ વિભાગનાં હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ મુખ્ય જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આજ તા. ૧૦, સપ્ટેમ્બર સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૩(૧)(બી)/૦૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા. ૧૫-૦૯-૨૦૨૫વાળા પત્રની વિગતે આગામી દિવસોમાં માતાના મઢ જતાં પદયાત્રીઓનાં ઘસારાનાં કારણે ભુજથી માતાના મઢ હાઈવે પર ટ્રાફિક સમસ્યા રહેતી હોય, અકસ્માત અને જાનમાલને નુકશાન થવાની સંભવાના હોય, કોઈ ગંભીર અકસ્માત ન બને તે આશયથી અને માર્ગમાં ટ્રાફિક નિયંત્રણ જળવાઈ રહે તે માટે નખત્રાણા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ દેશલપર (વાંઢાય) થી ટોડીયા ફાટક સુધીના રસ્તાને તા. ૧૮-૦૯-૨૦૨૫ થી તા. ૦૨-૧૦-૨૦૨૫ સુધી ભારે વાહનો માટે પ્રતિબંધિત કરી, અનુસૂચિમાં જણાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ તા. ૧૮-૦૯-૨૦૨૫ થી તા. ૦૨-૧૦-૨૦૨૫ સુધી નખત્રાણા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ દેશલપર(વાંઢાય) થી ટોડીયા ફાટક સુધીના રસ્તા પરથી ભારે વાહનોની અવર-જવર બંધ કરવા તથા નીચે અનુસૂચિમાં જણાવેલ રસ્તા/માર્ગોનો ઉપયોગ કરવા હુકમ કરૂ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં વાહનોની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ :

(૧) ભુજથી દયાપર જવા માટે :

ભુજ, માનકુવા, દેશલપર (દેશલપરથી નલિયા તરફ ડાયવર્ટ), મંગવાણા, રોહા, મોથાળા, બીટા (બીટા થી અંદર આવશે) ઉખેડા, નેત્રા, રવાપર (રવાપર રોડ ક્રોસ કરી) ગડાણી, પાનેલી થી દયાપર

(૨) દયાપર થી ભુજ જવા માટે :

દયાપર, પાનેલી, ગડાણી, રવાપર (રવાપર રોડ ક્રોસ કરી) નેત્ર, ટોડીયા ફાટકથી (વિરાણી ફાટક ડાયવર્ઝન) વિરાણી, દેવીસર, નિરોણા, લોરીયા ચેક પોસ્ટથી ભુજ

ઉપરોકત જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવે છે.

- સરકારી ફરજ પરનાં વાહનો/એસ.ટી. બસો
- ફાયર ફાઈટર વાહનો
- એમ્બ્યુલન્સ વાહન
- પોલિસ અધિક્ષકશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરના સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ વાહનો

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલીસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજ રોજ તા. ૧૭-૦૯-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

ભુજ-કચ્છ, ૧૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ-૧/GPSC/પરીક્ષા/જાહેરનામું/૦૯/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) (જા.ક્ર.૧૨૭/૨૦૨૪-૨૫) તથા નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.૦૮/૨૦૨૫-૨૬)ની પ્રાથમિક કસોટી તા. ૦૭-૦૯-૨૦૨૫ના રોજ યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુ બાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા સરકારશ્રી દ્વારા જરૂરી સુચના આપવામાં આવેલ છે.

જિલ્લામાં ઉપરોક્ત પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધો ફરમાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભુજ-કચ્છ દ્વારા તા. ૩૦-૦૮-૨૦૨૫ વાળી દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી, હું ડી. પી. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૦૭-૦૯-૨૦૨૫ (રવિવાર)ના સવારના કલાક ૦૬-૦૦ થી સાંજના કલાક ૦૬-૦૦ સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગના કન્ડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈ પણ વ્યકિતએ સ્માર્ટવોચ, વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, ઈયરફોન, લેપટોપ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં તથા મ્યુઝિક, સંગીત ઈત્યાદી જોરથી વગાડવુ નહી.

: અનુસૂચિ :

ક્રમ	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
૧	શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ યુનિટ-૧	નવા એસ.ટી. બસ સ્ટેશન સામે, ભુજ
૨	શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ યુનિટ-૨	નવા એસ.ટી. બસ સ્ટેશન સામે, ભુજ
૩	શેઠ વી. ડી. હાઈસ્કૂલ, ભુજ	ઈન્દ્રાબાઈ પાર્ક સામે, માતૃછાયા માર્ગ, ભુજ
૪	માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ	માતૃછાયા માર્ગ, સંતોષીમાના મંદિર પાસે, ભુજ
૫	ઓલ્ફેડ હાઈસ્કૂલ, ભુજ યુનિટ-૧	મહાદેવ ગેટ સામે, હમીરસર તળાવ પાસે, ભુજ
૬	ઓલ્ફેડ હાઈસ્કૂલ, ભુજ યુનિટ-૨	મહાદેવ ગેટ સામે, હમીરસર તળાવ પાસે, ભુજ
૭	શ્રી બી.એલ.બી. સંચાલિત શ્રીમતી હંસાબેન પોપટલાલ ઠક્કર ઈંગ્લિશ મીડીયમ હાઈસ્કૂલ	સ્વામિનારાયણ મંદિર સામે, સીટી પોલિસ સ્ટેશન પાસે, ભુજ
૮	જૈનાચાર્ય અજરામરજી સ્કૂલ, ભુજ	હોસ્પિટલ રોડ, ભુજ
૯	આર.ડી. વરસાણી હાઈસ્કૂલ, ભુજ	સરદાર પટેલ સંકુલ, લેવા પટેલ હોસ્પિટલ પાછળ, મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ
૧૦	મા આશાપુરા ઈંગ્લિશ સ્કૂલ, ભુજ	સરદાર પટેલ સંકુલ, લેવા પટેલ હોસ્પિટલ પાછળ, ભુજ
૧૧	ચાણક્ય એકેડેમી સ્કૂલ, ભુજ	મુંદરા રોડ, ભુજ-કચ્છ.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજરોજ તા. ૦૧-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૬/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૯-૦૭-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૪-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/પરીક્ષા-૧૪/૨૦૨૫.-આગામી તા. ૧૪-૦૯-૨૦૨૫ ને રવિવારના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જાહેરાત ક્રમાંક : GSSSB/૨૦૨૫૨૬/૩૦૧ રેવન્યુ તલાટી વર્ગ-૩ની લેખીત પરીક્ષાઓ યોજાનાર છે. જે પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. ચોરીના દુષણથી પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે.

આ પરીક્ષા માટે જામનગર શહેરના કુલ-૫૦ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવેલ છે. જેની આસપાસ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂ રીતે લેવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમ્યાન બંધ રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, ઈલેકટ્રોનિક વોચ, અન્ય અનધિકૃત સાહિત્ય વિગેરે લઈ જવા પર પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરના, તા. ૧૦-૦૯-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : પ.શાખા/જાહેરનામું/ગૌણસેવાપરીક્ષા/૨૦૨૫/૬૬૬૫-૬૬ થી દરખાસ્ત મળેલ છે. જે મને વ્યાજબી જણાય છે.

તેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલી સત્તાની રૂઈએ જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજ બાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ તા. ૧૪-૦૯-૨૦૨૫ ના રોજ સવારના ૧૩-૩૦ કલાકથી ૧૭-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેકટ્રોનીક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વિગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈમસો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૧ માહે સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

આ કચેરીના તા. ૧૧-૦૯-૨૦૨૫ ના જાહેરનામા નં. ડીએમ/ડીસીએચ/પરીક્ષા-૧૪/૨૦૨૫ નું

પરિશિષ્ટ

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા/કેન્દ્ર નું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૧	શ્રી ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ	જી.જી. હોસ્પીટલ રોડ, પંડિત નહેરૂ માર્ગ, જામનગર
૨	ભવંસ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજ	યુનિટ-૧, મહિલા કોલેજ માર્ગ, આરામ હોટલ પાછળ, જામનગર
૩	ભવંસ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજ	યુનિટ-૨, મહિલા કોલેજ માર્ગ, આરામ હોટલ પાછળ, જામનગર

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા/કેન્દ્ર નું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૪	ભવંસ શ્રી એ કે દોશી વિદ્યાલય	પટેલ કોલોની, ઈન્દ્રદીપ સોસાયટી, મહિલા કોલેજ કેમ્પસ, જામનગર
૫	એસ.વી.ઈ.ટી. કોલેજ	સરુ સેકશન રોડ, મોદી સ્કુલ સામે, જામનગર
૬	શ્રી વી. એમ. મહેતા મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ	યુનીટ-૧, પંચવટી કોલોની, બેડી બંદર રોડ, જામનગર
૭	શ્રી વી. એમ. મહેતા મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ	યુનીટ-૨, પંચવટી કોલોની, બેડી બંદર રોડ, જામનગર
૮	સેન્ટ ગ્રેગોરીયસ હાઈસ્કુલ	પ્રભુ કૃપા સોસાયટી, પંચવટી, જામનગર
૯	સેન્ટ આન્સ હાઈસ્કુલ	પંડિત નહેરુ માર્ગ, પટેલ કોલોની, જામનગર
૧૦	શ્રી જી.એચ.ગોસરાની કોમર્સ એન્ડ શ્રી ડી.ડી.નગડા બી.બી. કોલેજ	ઈન્દીરા માર્ગ, જકાતનાકાથી ઉદ્યોગનગર રોડ, જામનગર
૧૧	શ્રી જે.વી.આઈ.એમ.એસ. બીટીવી એમ.બી.એ કોલેજ (હરિયા કોલેજ)	ઈન્દીરા માર્ગ, ઉદ્યોગનગર રોડ, જામનગર
૧૨	શ્રી સી.ઝેડ. એમ.જી. બીસીએ કોલેજ (હરિયા કોલેજ)	ઈન્દીરા માર્ગ, ઉદ્યોગનગર રોડ, જામનગર
૧૩	મા શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલ	યુનિટ-૧, રણજીત રોડ, જામનગર
૧૪	મા શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલ	યુનિટ-૨, રણજીત રોડ, જામનગર
૧૫	શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય	ખંભાલીયા નાકા બહાર, આર્ય સમાજ માર્ગ, જામનગર
૧૬	શ્રી વિદ્યાનિકુંજ હાઈસ્કુલ	ખંભાળીયા નાકા બહાર, ધ્વારકા પુરી રોડ, જામનગર
૧૭	નેશનલ હાઈસ્કુલ	ખંભાલીયા નાકા બહાર, આર્ય સમાજ રોડ, જામનગર
૧૮	જૈન કન્યા વિદ્યાલય (મા.ઉ.મા.)	શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર
૧૯	શ્રી ઓધવદીપ સ્કુલ	૫૮ દિગ્વીજય પ્લોટ, અજાનવાડી, જામનગર
૨૦	શ્રી નંદન માધ્યમિક શાળા	લાલપુર રોડ, નંદનવન સોસાયટી, શેરી નં. ૨, નંદનવન પાર્ક, જામનગર
૨૧	શ્રી કાલિન્દી સે. અને હા. સેકન્ડરી સ્કુલ	રણજીત સાગર રોડ, પટેલ પાર્ક પાછળ, વૃંદાવન-૩, જામનગર
૨૨	રોયલ ઈન્ટર નેશનલ સ્કુલ	આશીર્વાદ-૩, ઈન્ડિયન બેંક પાછળ, રણજીત સાગર રડો, જામનગર
૨૩	મોદી સ્કુલ, જામનગર	આશીર્વાદ દીપ, લાલપુર રોડ, જામનગર
૨૪	આર. આર. શાહ હાઈસ્કૂલ	મારૂ કંસારા વાડી સામે, લાલપુર રોડ, જામનગર
૨૫	વૃજ ભુષણલાલજી વિદ્યાલય	રણજીત સાગર રોડ, લાલપુર રોડ, લાલપુર ચોકડી પહેલા, જામનગર
૨૬	શ્રી જ્ઞાનગંગા સ્કુલ	મયુર ટાઉનશીપ પાસે, ખોડીયાર પાર્ક, લાલપુર રોડ, જામનગર
૨૭	સનરાઈઝ સ્કુલ	ઈવા પાર્ક, લાલપુર રોડ, જામનગર
૨૮	કે. કે. ઈન્ટરનેશનલ સ્કૂલ	રણજીત સાગર રોડ, જામનગર
૨૯	શ્રી એલ.જી. હરિયા સ્કુલ યુનીટ-૧	ઈન્દીરા માર્ગ, જનતા ફાટક પાસે, જામનગર
૩૦	શ્રી એલ.જી. હરિયા સ્કુલ યુનીટ-૨	ઈન્દીરા માર્ગ, જનતા ફાટક પાસે, જામનગર
૩૧	શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય	જનતા ફાટક પાસે, શાંતિનગર સોસાયટી, જામનગર
૩૨	મીનાક્ષી ગૃપ ઓફ સ્કુલ	કૃષ્ણનગર મેઈન રોડ, જામનગર
૩૩	શ્રી સોઢા મહેન્દ્રસિંહ હાઈસ્કુલ	કૃષ્ણ નગર, શેરી નંબર-૦૫, જામનગર
૩૪	માતૃશ્રી એ.બી. વિરાણી કન્યા વિદ્યાલય	રણજીતનગર, પટેલ સમાજ, જામનગર
૩૫	માતૃશ્રી પ્રણામી હાઈસ્કુલ	હિરજી મિસ્ત્રી રોડ, રણજીત નગર, જામનગર
૩૬	પ્રણામી ગ્લોબલ સ્કુલ	રણજીતનગર, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર

ક્રમ	પરીક્ષા કેન્દ્ર શાળા/કેન્દ્ર નું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૩૭	ધી પટેલ એકેડેમી સ્કુલ	કૃષ્ણનગર મેઈન રોડ, પ્રગતિ પાર્ક વિભાગ-૨, જામનગર
૩૮	ક્રિષ્ના સાયંસ સ્કુલ	(ગુ.મા.) રોયલ પુષ્પા પાર્ક, ખોડીયાર કોલોની ૮૦ ફુટ રોડ, જામનગર
૩૯	શ્રી એસ.બી. શર્મા વલ્ડ સ્કુલ	૮૦ ફુટ રોડ, જૈન દેરાસર સામે, મેહુલનગર, જામનગર
૪૦	શિશુવિહાર હિન્દી હાઈસ્કુલ	ખોડીયાર મંદીર રોડ, રોયલ પુષ્પા પાર્ક સામે, જામનગર
૪૧	શ્રી સોઢા ઉમેદસિંહજી હાઈસ્કુલ	કેડમસ સ્કૂલ કેમ્પસ ક્રીસ્ટલ મોલની પાછળ, ખોડીયાર કોલોની સામે, જવાહરનગર, જામનગર
૪૨	સત્ય સાઈ વિદ્યાલય યુનિટ-૧	અમર વિલાસ કોમ્પ્લેક્ષ, પેલેસ રોડ, પંચવટી સોસાયટી સામે, જામનગર
૪૩	સત્ય સાઈ વિદ્યાલય યુનિટ-૨	અમર વિલાસ કોમ્પ્લેક્ષ, પેલેસ રોડ, પંચવટી સોસાયટી સામે, જામનગર
૪૪	સત્ય સાઈ વિદ્યાલય યુનિટ-૩	અમર વિલાસ કોમ્પ્લેક્ષ, પેલેસ રોડ, પંચવટી સોસાયટી સામે, જામનગર
૪૫	ધ સનસાઈન સ્કુલ	વાલકેશ્વરી નગરી, ઈંદીરા માર્ગ, સાત રસ્તા પાસે, જામનગર
૪૬	શ્રી ડી.સી.સી.વી. હાઈસ્કુલ	સાત રસ્તા પાસે, પ્રદર્શન મેદાન સામે, જામનગર
૪૭	શ્રી પી.વી. મોદી સ્કુલ	એસ.વી.ઈ.ટી. કોલેજ સામે, શરુ સ્ટેશન રોડ, જામનગર
૪૮	પ્રાઈમ માધ્યમિક શાળા	બેડેશ્વર રોડ, રેલવે ઓવર બ્રીજ પાસે, જામનગર
૪૯	શ્રી એસ.બી. શર્મા પબ્લિક સ્કુલ	ડીફેન્સ કોલોની, દિગ્જામ મિલ પાસે, જામનગર
૫૦	નંદ વિધ્યા નિકેતન યુનિટ-૧	ઢીંચડા રીંગ રોડ, શ્રીનાથ પેટ્રોલપંપ પાસે, જામનગર

જામનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભાવેશ એન. ખેર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૨૪૫૨૨૫/૨૦૨૫.-પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતીના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય તેમજ ગુન્હાહીત કૃત્યમાં હથિયારો, ચપ્પુ, છરી, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસ કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૧૪-૦૯-૨૦૨૫ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૨૦-૧૦-૨૦૨૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળા કોઈ પણ જાતના છરી કે છરી જેવું હથિયાર વળે નહી તેવું, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવી છરી સાથે રાખી ફરવાની અથવા તેવી કોઈ બીજી ચીજ લઈ જવી નહી.

૨. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાથી અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને તેમા દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાનાં ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૦-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. : DRCSAMR/0034/04/2025 Approved Date : 19-04-2025 થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક:સકક/ફડચ/ગ-૩/0020/૨૦૨૫.-આથી હું એસ.આર.અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી નાનુડી મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. નાનુડી, તા. ખાંભા, જિ. અમરેલી (નોંધણી નંબર સા : ૧૯૭૭, તા. ૦૭-૦૨-૧૯૮૩) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧)(ક), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફડચા), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૦૯ માહે જુન, સને ૨૦૨૫.

એસ. આર. અણીયાળીયા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
અમરેલી

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં તા. ૧૫-૦૫-૨૦૨૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૨/૫૭/૨૦૨૫ થી કરેલ વચગાળા આદેશ

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ

(૩) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

હુકમ

જા. નં. : ફડચ/૦૧/ખ-૨/૭૪૪/૭૪/૨૦૨૫.-આથી હું, ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ ઉકત વંચાણે લીધા ક્રમ-(૨)ની જોગવાઈ તથા ક્રમ-(૩)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ તેમજ આમુખની વિગતો ધ્યાને લઈ શ્રી ગઢાળી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગઢાળી, તા. ગઢડા, જિ. બોટાદ કે જે નોંધણી નં.-૧૮૧૯૦, તા. ૦૪-૧૧-૧૯૮૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને ઉકત વંચાણે લીધા ક્રમ-(૧)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છુ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી(ફડચા) સહકારી મંડળીઓ, બોટાદની નિમણુંક કરૂ છું. નિયુકત ફડચા અધિકારીએ તાત્કાલીક ચાર્જ સંભાળી સમય મર્યાદામાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

બોટાદ, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

ઉર્વશી બ્રહ્મભટ્ટ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, બોટાદ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.10.16 12:27:46 IST